|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૧૮**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના શબ્દોના અર્થ લખીને ને તે કયા પાઠમાં આવે છે? (૪)**

૧. સંસુદ્ધં **પૂર્ણ શુદ્ધ છે** **પાંચમું શ્રમણસૂત્ર**

૨. કુઈએ **અયત્નાથી ખાંસી–ઉધરસ ખાવાથી** **પહેલું શ્રમણસૂત્ર**

૩. પડિગ્ગહ **પાત્રા** **બારમું વ્રત/પાંચમું શ્રમણસૂત્ર**

૪. વઈક્કંતો **વ્યતીત થયો છે** **પ્રતિક્રમણનો ત્રીજો પાઠ**

**(૨) નીચેના પ્રશ્નોના માંગ્યા પ્રમાણે જવાબ લખો. (૮)**

૧. કોઈને એપ્રિલફૂલ બનાવે તો કયો અતિચાર? **મોહરિએ**

૨. શ્રાવકે બીજવાળું ભોજન કર્યું હોય તો કયો અતિચાર? **સચિત્તાહારે**

૩. એકેન્દ્રિયમાં નિગોદ તથા અસંખ્યાત જીવોવાળા જીવોની જીવાયોનિ કેટલી?

**૧૪ લાખ તથા ૩૮ લાખ.**

૪. ૩૩ બોલમાંથી ત્રીજા બોલમાં હેય, જ્ઞેય, ઉપાદેય કેટલા? **હેય – ૪, ઉપાદેય – ૧**

૫. સૂયગડાંગ સૂત્ર અને નિશિથ સૂત્રના અધ્યયન કેટલા? આંકડામાં લખો. **૨૩, ૩**

૬. ઔપપાતિક જીવો કયા હોય? તેઓ શેમાં ઉત્પન્ન થાય?

**દેવો અને નારકી. દેવો શય્યામાં અને નારકી કુંભીમાં.**

૭. દુષ્પ્રતિલેખન એટલે શું? **દુષ્પ્રતિલેખન–આળસપૂર્વક, ઉતાવળથી, વિધિપૂર્વક ન જોવું.**

૮. ચૌવિહારમાં કેટલા અને કયા આહારનો ત્યાગ કરવામાં આવે છે?

**૪ પ્રકારના આહારનો ત્યાગ – અન્ન, પાણી, મેવો અને મુખવાસ.**

**(૩) બીજા શ્રમણસૂત્રના આધારે જવાબ લખો.** **(૩)**

૧. દાડમ લીધા હોય. **બીય ભોયણાએ**

૨. સાધુ માટે લીધેલો આહાર લીધો હોય. **ઉપ્પાયણેસણાએ**

૩. અચેત છે કે સચેત એવી શંકાવાળો આહાર લીધો હોય. **સંકિએ**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. વજભૂમિના લોકો ભગવાનને શા માટે કષ્ટ આપતા હતા?

**રૂક્ષ આહાર કરતા હોવાથી તેઓ સ્વભાવથી ઘણા ક્રોધી હતા.**

૨. આપણને સ્થૂળ શરીરમાંથી કયું શરીર છે? તે કેવું છે? **ઔદારિક. અશુચિમય.**

૩. ભગવાન શા માટે આહાર કરતા હતા? **શરીરના નિર્વાહ માટે આહાર કરતા હતા.**

૪. ભગવાને કયા દેશની કઈ ભૂમિ પર વિચરણ કર્યું હતું? **લાઢ દેશની વજ્રભૂમિ અને શુભ્રભૂમિ પર.**

૫. ભગવાને શેના સ્વરૂપને જાણી લીધું હતું? **સંસારની અસારતા અને તત્ત્વના સ્વરૂપને.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે લખો.**

**(૧) ખાલી જગ્યા પૂરો.**

૧. મારે સર્વ પ્રથમ માતાના ...... ના પિતાના ......, ...... સંમિશ્રણરૂપ ...... કરવો પડશે.

**રજ, શુક્ર, વીર્ય, આહાર**

૨. દીર્ઘકાળ સુધી ...... નું પાલન કર્યું નહિ. **શ્રમણધર્મ**

૩. દીક્ષા દીધા પછી ...... નું આરોપણ કરવું અથવા ...... આપવી તે શૈક્ષભૂમિ છે. **મહાવ્રત, વડીદીક્ષા**

૪. ચારે ...... તથા ...... ઓમાં ...... થી ઘેરાયેલા હોય છે. **દિશાઓ, વિદિશા, વેદિકા**

૫. ...... અને ...... નો પરસ્પર સંગ્રામ થવાથી સંપૂર્ણ પૃથ્વી ચલિત થાય છે. **દેવો, અસુરો**

૬. શ્રમણ–માહણને ......, ...... અશન (૪) રૂપ આહારનું દાન આપે. **પ્રાસુક, એષણીય/અપ્રાસુક, અનેષણીય**

૭. જીવના વ્યાપારથી બનેલા હોય તે ...... ...... . **પ્રયોગ પરિણત**

૮. ક્યારે હું ...... પ્રતિમાનો સ્વીકાર કરીશ. **એકલવિહાર**

૯. ...... પર્વત, ...... પર્વત, ...... પર્વત વલયાકાર છે. **માનુષોત્તર, કુંડલવર, રુચકવર**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. આ શરીર શેને વહન કરવા માટેનું સાધન છે? **જ્ઞાન, દર્શન, ચારિત્ર.**

૨. માલુકા કચ્છ શેનાથી ભરેલું હતું? **વૃક્ષો, ગુચ્છો, ગુલ્મો, લતાઓ, વેલાઓ.**

૩. વિજય ચોરનું શું દૂષિત હતું? **શીલ, આચાર, ચારિત્ર.**

૪ . ખાઈનું પાણી જોવામાં કેવું દેખાતું હતું? **વિકૃત, અશુચિપૂર્ણ, બિભત્સ.**

૫. ખાઈનું પાણી શુદ્ધ થતા કેવું બની ગયું?

**સ્વચ્છ, પથ્ય, શ્રેષ્ઠ, હલકું, આકાશમાં સ્ફટિકની જેમ પારદર્શક, ઉત્તમ ગંધ, વર્ણ, રસ અને સ્પર્શયુક્ત.**

૬. અનંત સંસાર કોણ વધારે છે? **જે શરીરની વૃદ્ધિ કરવા માટે આહાર-પાણીમાં મુગ્ધ થાય છે.**

૭. ચંપાનગરીના રાજા અને યુવરાજનું નામ લખો. **જિતશત્રુ, અદીનશત્રુ.**

૮. ધન્ય સાર્થવાહે કોના માધ્યમથી પોતાને રાજદંડથી મુક્ત કરાવ્યા?

**મિત્ર, જ્ઞાતિ, નિજ સ્વજન, પરિવારજન, લોકો.**

૯. સાર્થવાહ એટલે શું? **વેપારી/કાફલાનો નાયક.**

૧૦. સુબુદ્ધિએ દીક્ષા પછી કેટલું અધ્યયન કર્યું? **૧૧ અંગ સૂત્ર**

(૧૫)

**પ્ર. ૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે જવાબ લખો.** **(૧૦)**

૧. સાપ સ્વભાવથી કેવો હતો? (૬) **જટિલ, ભયાનક, કર્કશ, કઠોર, વિકટ, વિસ્તીર્ણ**

૨. સાધુ-સાધ્વી શેના ધારક હોય છે? (૪) **અષ્ટપ્રવચન માતા, દ્વાદશાંગી, ગણિપિટક, શ્રુતજ્ઞાન**

૩. કામદેવ શ્રાવકને શ્રદ્ધામાંથી ચલાયમાન કરવા કોણ અસમર્થ છે? (૬)

**દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ,** કિન્નર

૪. દેવે કામદેવ શ્રાવકને શેનાથી રહિત કીધા? (૪) **લજ્જા, શોભા, ધૈર્ય, કીર**

**(આ) અંતગડ સૂત્રના આધારે નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૫)**

૧. અનિકસેનના છટ્ઠા અધ્યયનનું નામ શત્રુસેનકુમાર છે. **સાચું.**

૨. અનિકસેનના લગ્ન ૮ કન્યાઓ સાથે થયા. **ખોટું. અનિકસેનના લગ્ન ૩૨ કન્યાઓ સાથે થયા.**

૩. અનિકસેનની માતાનું નામ સુલસા હતું. **સાચું.**

૪. અંતગડ સૂત્રના ત્રીજા વર્ગના દશ અધ્યયન છે. **ખોટું. અંતગડ સૂત્રના ત્રીજા વર્ગના તેર અધ્યયન છે.**

૫. અનિકસેને ૧૧ અંગનું અધ્યયન કર્યું. **ખોટું. અનિકસેને ૧૪ પૂર્વનું અધ્યયન કર્યું.**

(૫)

**પ્ર. ૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.**

૧. ધન્ના કુમાર કેટલી ધાવ માતાથી ઘેરાયેલો હતો? **પાંચ**

૨. ધન્ના શેનાથી ચાલતા હતા? **આત્મશક્તિ**

૩. ધન્ના કુમારની માતાનું નામ શું હતું? **ભદ્રા**

૪. ધન્ના કુમાર દેશના સાંભળવા કયા ઉદ્યાનમાં ગયા? **સહસ્ત્રામ્રવન**

૫. ધન્ના અણગારે કયા પર્વત પર સંથારો કર્યો? **વિપુલગિરિ**

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક આધારે લખો.**

**(૧) નીચેની ગાથા પૂર્ણ કરો.** **(૪)**

૧. વત્થંસિ વા **પડિગ્ગહંસિ વા કંબલંસિ વા પાયપુચ્છણંસિ વા રયહરણંસિ વા** ગોચ્છગંસિ।

૨. સે અપ્પં **વા બહું વા અણું વા થૂલં વા ચિત્તમત્તં વા અચિત્તમત્તં વા, નેવ સયં અદિણ્ણં ગિણ્હિજ્જા** નેવણ્ણેહિં અદિણ્ણં

**(૨)** ત્રસ પ્રાણીના ઉત્પન્ન થવાના કેટલા પ્રકાર છે? મૂળ પાઠ અર્થ સાથે લખો. **(૫)**

**૮ પ્રકારના. અંડયા – ઈંડામાંથી ઉત્પન્ન થનારા, પોયયા – પોતજ, જરાઉયા – જરાયુ સહિત જન્મનારા, રસયા–રસમાં ઉત્પન્ન થનારા, સંસેઈમા–પરસેવામાં ઉત્પન્ન થનારા, સંમુચ્છિમા–સંમૂર્ચ્છિમ, ઉબ્ભિયા–જમીન ફોડીને ઉત્પન્ન થનારા, ઉવવાઈયા – ઉપપાત જન્મવાળા દેવ અને નારકી.**

**(૩) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

૧. નિવ્વાવિજ્જા **ઓલવે/ઓલવાવે** ૨. સિલાગહત્થેણ **લોખંડની સળીના સમૂહથી**

૩. સંકુચિયં **શરીર સંકોચનારા** ૪. પુઢોસત્તા **ભિન્ન ભિન્ન સત્તાવાળા છે**

૫. વઈજ્જા **બોલીશ** ૬. અહાવરે **આ પછી**

**(૪) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૩)**

૧. ગ્રહણ કરતા **ગિણ્હંતે** ૨. વૃક્ષની કપાયેલી ડાળી પર **છિન્નેસુ વા**

૩. નિશ્ચયથી **ખલુ**

(૧૦)

**પ્ર. ૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.**

૧. અશૂન્ય કાળ કોને કહેવાય? ઉદા. સાથે લખો. કયા શતક કયો ઉદ્દેશાનો અધિકાર છે? કાલિક છે કે ઉત્કાલિક અંગ છે કે ઉપાંગ? કેટલામું? કોણે રચના કરી છે? (૬)

**અશૂન્ય કાળ : વિવક્ષિત સમયમાં વિવક્ષિત જીવોની સાથે જે નરક આદિ ગતિઓમાં રહેલા છે. તે જ જીવોની સાથે ભૂતકાળમાં નરક આદિ ગતિમાં તે જીવનું રહેવું અશૂન્ય કાળ છે. અર્થાત્ તે જીવોમાંથી એકપણ જીવ ઓછો ન થવો જોઈએ તેમ જ એકપણ જીવ નવો ન વધવો જોઈએ. ઉદા. ધારો કે કોઈ જીવ નરકમાં જે સમયે હતો ત્યારે નરકમાં તેની સાથે ૧૦૦ જીવો હતા, તે જીવ મરીને તિર્યંચ કે મનુષ્ય થઈને ફરી પાછો નરકમાં તે જ સ્થાને ઉત્પન્ન થયો ત્યારે તે નરકમાં પૂર્વેના સર્વ નારકીઓ હતા અને તેમાં એકપણ નવો નારકી ઉમેરાયો ન હતો તે અશૂન્યકાળ.**

**શતક ૧ ઉદ્દેશો ૨. કાલિક. અંગ. પાંચમું. સુધર્મા સ્વામી.**

૨. મોક્ષમાં શા માટે ચારિત્ર નથી? **મોક્ષમાં ચારિત્રનું કોઈ પ્રયોજન નથી. ચારિત્ર કર્મક્ષય માટે છે.** (૧×૪)

૩. તિપ્પન અને અવધિજ્ઞાન ઈહભવિક છે કે પરભવિક?

**તિપ્પન ઈહભવિક અને અવધિજ્ઞાન ઈહભવિક, પરભવિક અને તદુભયભવિક છે.**

૪. તદુભયભવિક એટલે શું? **તદુભયભવિક એટલે ભવાન્તરમાં ત્રીજા–ચોથા ભવમાં સાથે જાય તેવું.**

૫. ગ્રહણ કરેલું ચારિત્ર ક્યાં સુધી હોય છે? **જીવતા સુધી જ હોય છે.**

(૧૦)

**પ્ર. ૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. સુપ્ત અને સાકાર ઉપયોગવાળાના ઢગલા કેટલા? **૪, ૧૯૨**

૨. રાશિ એટલે શું? તેના કેટલા બોલ છે? **ઢગલો, ૧૪**

૩. સાત સમય સુધી નિરંતર સિદ્ધ થાય તો કેટલા સિદ્ધ થાય? **૩૩, ૪૮**

૪. ૨૪૦ અને ૧૬ ઢગલા કોના છે? **અશાતા વેદનીયવાળા, શાતા વેદનીયવાળા**

૫. ગ પરથી શરૂ થતાં દ્વારના નામ લખો. **ગતિદ્વાર, ગણદ્વાર**

૬. ત્રણ જ્ઞાન સ્પર્શીને દીક્ષા લેવાવાળા કેટલા સિદ્ધ થાય? **૧, ૪**

૭. કલ્પાતીતમાં ક્યા દેવલોક છે? **ગ્રૈવેયક, અનુત્તર વિમાન**

૮. ક્ષેત્ર દ્વારમાં ઉત્કૃષ્ટ દશ સિદ્ધ ક્યાંથી નીકળેલા થાય? **અકર્મભૂમિ, ચૂલહિમવંત**

૯. ઉત્કૃષ્ટ પ્રતિપાતી કેટલા સિદ્ધ થાય? **૧૦૮, ૧૦**

૧૦. સ્વલિંગ સિવાય ક્યા લિંગ હોય? **ગૃહસ્થલિંગ, અન્યલિંગ**

**પ્ર. ૧૦ આગમ પરિચય અવલોકનના આધારે યોગ્ય વિકલ્પ શોધો.**

૧. ૧૭ મા સમવાયમાં કેટલી સૂત્ર સંખ્યા છે? **(૨૧, ૧૮, ૧૭)**

૨. રાયપસેણીય સૂત્રમાં કેટલા અધિકાર છે. **(૪, ૫, ૩)**

૩. સમવાયાંગ સૂત્રની રચના કઈ શતાબ્દીમાં થઈ છે? **(છટ્ઠી,** ચોથી, પાંચમી)

૪. સંત સમાગમ ખૂણીને શું બનાવે છે? (પરમાત્મા, **સમભાવી,** આરાધક)

૫. પરદેશી રાજા કયા મતને માનતા હતા? **(અક્રિયાવાદી,** ક્રિયાવાદી, અજ્ઞાનવાદી)

**જય – જિનેન્દ્ર**

❋ **PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
❋ **NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.**